


## સલામી સવારની..

*મીઠું બોલી માણસ સદા માનુનીને પટાવે છે,*
*‘તેંત્રીસ ટકા’ની વાતે, કોણીએ ગોળ ચટાવે છે,*
*ટટળાવે મહાશક્તિને પંપાળે પ્રલોભનથી -*
*કાપે પાંખો છતાં, ‘સ્ત્રી-સશક્તિકરણ’ રટાવે છે...*

હાઈકુ

*રેઢા સીમાળે,*
*થાય છે ઘૂસપેઠ -*
*ઉંઘે એલર્ટ...*

*કાશ્મીરે ફરી,*
*છે ફોલવા તૈયાર -*
*સત્તાનો કીડો...*

## ચિંતન

**વંદનં પ્રસાદસદનં સદયં હૃદયં સુધામુચો વાચઃ ।**
**કરણં પરોપકરણં યેષાં તેષાં ન તે વૈદ્યાઃ ॥**

જેમના ચહેરા પર સદાય પ્રસન્નતાનો નિવાસ છે અર્થાત સદાય હસતા જ અને આનંદમાં જ રહે છે, જેમનું હૃદય દયાળુ અને લાગણીઓથી ભરપૂર છે, એમની જીભ પર સરસ્વતી અમૃતવર્ષા કરતી બિરાજમાન છે. અને હાથ-પગ પર અન્યના પરોપકાર માટે સદાય સક્રિય રહે છે. આવા સજ્જન અંત જેવી વ્યક્તિ સૌને માટે વંદનીય કેમ ન હોય? અર્થાત સૌને માટે પૂજ્ય અને વંદનીય છે જ.

ચહેરા પર કયારેય કટુતા કે દ્વેષભાવ ન હોય, વાણીમાં કડવાશના ન હૃદયમાં ઝેર દંભ, દુશ્મનાવટ ન હોય, અને પરોપકાર જેના તનમાં - મનમાં સર્વદા વ્યાપ હોય એવી વ્યક્તિ પૂજનીય છે.

## સુવિચાર

- દુશ્મન ને હજાર મોકા આપો કે તમારો દોસ્ત બની જાય...
  પરંતુ દોસ્તને કયારેય એવો મોકો ન આપો કે એ તમારો દુશ્મન બની જાય - **એસ. ભટ્ટાચાર્ય**
- જે લોકો તમને પસંદ નથી કરતાં તેમની સામે હંમેશા ખુશ રહો કારણ કે,
  તમારી ખુશી જોઈને તેઓ જીવી નહીં શકે - **નવનીત**
- માણસ પોતાના ‘અભાવ’થી એટલો દુ:ખી નથી જેટલો બીજાના ‘પ્રભાવ’થી દુ:ખી છે - **પૂજ્ય મોટા**
- પ્રત્યેક માણસ પોતે કરેલા આચરણનું પરિણામ
  ધીરજપૂર્વક સહન કરવું જોઈએ - **શેક્સપિયર**
- ‘કર્તવ્ય’ જ એક એવો આદર્શ છે કે
  જે કયારેય દગો નથી આપતું - **મુન્શી પ્રેમચંદ**
- આજનું ઔષધ : પપૈયાના પાનનો રસ પીવાથી પ્લેપ્લેટસની સંખ્યામાં વધારો થાય છે

(સંકલન : દીપક વી. આસરા)

## બોધકથા

ડાહ્યા - સમજું લોકો મૈત્રીમાં, સંબંધમાં પૈસાની લેતી-દેતી, ઉધાર જેવા વહેવાર કદી રાખતા નથી ન માગે કે ન આપે. કારણ એમાં સંબંધ સદાય બગડતા જ હોય છે...

પાંડવોનો વનવાસ પુરો થયો. મહાભારતના યુદ્ધની તૈયારી કરવાની હતી. પૈસા તો હતા જ નહીં. યુધિષ્ઠિરે અર્જુનને કૂબેર પાસે ધન ‘ઉધાર’ લેવા મોકલ્યો. કૂબેરે પુછ્યું, તમે જે આનંદથી ધન લઈ જશો એવા જ આનંદથી ધન પાછું આપશો? અર્જૂને - ‘હા’ પાડી. તો, કૂબેરે ધન આપવાની ના પાડી દીધી.

પછી યુદ્ધિષ્ઠિરે, ભીમ, સહદેવ અને નકુલને મોકલ્યા. બધાની સાથે લગભગ આવી જ જાતની પ્રશ્નોત્તરી થઈ. બધા ભારપૂર્વક - રાજીખૂશીથી ધન પાછું આપવાની વાત કરતા હતા. કૂબેર ના પાડતા રહ્યા.

યુધિષ્ઠિર જાતે ગયા. કૂબેરે એ જ પ્રશ્ન પૂછ્યો. ધન ઉધાર લેનાર વાયદા પ્રમાણે અને રાજી થઈને કદી પૈસા આપતા નથી, પણ હું પ્રયત્નપૂર્વક, દુખી થઈને પણ તમારું ધન પરત આપીશ... કુબેરે ખૂશ થઈ અઢળક ધન આપ્યું.

# પરીક્ષા કરતાં જિંદગી વધુ કીમતી છે

## તંત્રીસ્થાનેથી...

ધોરણ-૧૦ અને બારની પરીક્ષાઓ શરૂ થઈ ગઈ છે. બાળકના જીવનમાં આ પરીક્ષા એ સૌથી આકરી કસોટી બની રહે છે. એ કસોટી રંગેચંગે પાર કરવા બાળક એની તમામ તાકાત કામે લગાડી દે છે. એવું નથી કે પરીક્ષા પ્રત્યે બધાં બાળકોને અણગમો જ હોય. ઘણાં બાળકો માટે એ જીવનના સુખદ રોમાંચનું પર્વ બની રહે છે. છેક બાળવયથી એ નાની મોટી મેદાની રમતોમાં હરીફ કરતાં આગળ નીકળી જવા મથતું આવ્યું હોય છે. એસએસસી અને હાયર સેકંડરી સુધી પહોંચતાં સુધી એને પોતાની હેસિયતનો અંદાજ પણ આવી ગયો હોય છે. પરંતુ આપણે ત્યાં હજી બાળકના ‘એટિટયૂડ’ - રૂચિ કે અભિગમ મુજબની શિક્ષણ પદ્ધતિ વિકસી નથી, તેથી બધાં બાળકોને લગભગ બધા વિષયો ભણવા પડે છે. મનગમતા વિષયમાં તો બાળક હોંશે હોંશે પાર ઊતરી જતું હોય છે પરંતુ અણગમતા વિષયમાં એને વધુ પડતું ‘સ્ટ્રેસ’ પડે છે. આથી કેટલાંક બાળકો પરીક્ષા પૂર્વે જ હતાશામાં સરી પડે છે, કેટલાંક પેપર ખરાબ જવાથી નિરાશ થઈ જાય છે. બાળ માનસ અતિશય સંવેદનશીલ હોય છે. એની પાસે શિક્ષકો અને વાલીઓ વધુ પડતી અપેક્ષાઓ રાખતા હોય ત્યારે એ અપેક્ષા પૂરી નહીં કરી શક્યાની દહેશતમાં વિદ્યાર્થીઓ નકારાત્મક પગલાં પણ ભરી લેતાં હોવાના કિસ્સા બનતા રહે છે. અનુભવે જણાયું છે કે પરીક્ષા એ બાળ માનસ ઉપરનો ગંભીર અત્યાચાર છે. આપણા એક જાણીતા સર્જકે તો પરીક્ષાને ‘પિશાચિની’ - રાક્ષસી કહી છે. મનોવૈજ્ઞાનિકો અને શિક્ષણશાસ્ત્રીઓ ધીરે ધીરે આ પરીક્ષા નામની ત્રાસદાયક ઘટનાથી બાળકને કઈ રીતે મુક્ત રાખી શકાય એ દિશામાં ચિંતન કરતા થયા છે. છેક નવમા ધોરણ સુધી બાળકને નાપાસ ન કરવું તે આવા જ ચિંતનની ફલશ્રુતિ છે. પરંતુ આદિકાળથી ચાલી આવતી પરીક્ષાની નાગચૂડમાંથી સાવ જ છૂટવું ઘણું અઘરું છે. એક યા બીજી રીતે પરીક્ષા કે કસોટીમાંથી પસાર તો થવું જ પડે છે. જીવન પોતે એક આકરી પરીક્ષા છે. પરંતુ આપણે તો બાળકને એની શાળાકીય પરીક્ષામાં યેનકેન પ્રકારે પાર ઉતારવામાં જ એના શિક્ષણની ઈતિશ્રી માની બેઠા છીએ. પરીક્ષા એ કોઈ છેલ્લું સત્ય નથી. પરીક્ષા કરતાં જિંદગી ઘણી વધારે અગત્યની છે. આટલું સાદું સીધું સત્ય માબાપ અને શિક્ષકો સમજી શકશે તો પરીક્ષાનો બિનજરુરી ‘હાઉ’ બાળમાનસમાંથી દૂર કરી શકાશે. પરીક્ષા એ કારકિર્દીનો પાયો બની રહે છે. એટલે માતાપિતા કોઈ પણ ભોગે બાળક એમાં ઊંચી ટકાવારી સાથે ઉત્તીર્ણ બને એવું ઈચ્છતા હોય છે. પરીક્ષામાં સારું અને ધાર્યું પરિણામ મેળવવા ભ્રષ્ટ રીતરસમો પણ અપનાવાય છે. એ બદી ટાળવા માટે પુસ્તક સાથે પરીક્ષાવાળો વિકલ્પ પણ વિચારી શકાય. પરીક્ષામાં ઊંચી ટકાવારી મેળવનાર જ સફળ બની શકે એવું નથી. મહાન વિજ્ઞાની આઈન્સ્ટાઈન અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીથી લઈ સંત મોરારિ બાપુ સુધીના મહાપુરુષો કોઈ ને કોઈ તબક્કે પરીક્ષામાં નિષ્ફળ ગયા છતાં ઊંચાં શિખર સર કરી શક્યા છે. આપણા લાડીલા, મોંઘેરા વિદ્યાર્થી સમુદાયને એમની પરીક્ષામાં સફળતા મળે એવી તમામ શુભેચ્છાઓ સાથે એટલું જ ગળે ઉતારીએ કે ઈશ્વરે દરેકને કંઈક ને કંઈક વિશિષ્ટ ક્ષમતા આપેલી જ છે. સૌથી મોટી પરીક્ષા તો ‘માણસાઈ’ની છે. બધું બની ગયા છતાં જો સાચા માણસ ન બની શક્યા તો એનાથી મોટી નિષ્ફળતા બીજી હોઈ જ ન શકે!

# શિક્ષણની બાળ હોનારતો - કુદરતી કે માનવસર્જિત ?




સાંપ્રત સમયમાં શિક્ષણની વિદ્યાર્થીઓ સાથે સપ્તપદી ચાલે છે કે સોળ સંસ્કારોમાનો અંતિમ અગ્નિસંસ્કાર ? શું રમતના મેદાનોમાં ઉભરાવાં જોઈતા બાળકો કસમયે જીવનની અંતિમ રમત રમી રહ્યાં છે? આયખાની નદીમાં ભૂસકા મારવાનાં દિવસોમાં બાળુડાઓ જીવનની નાવ કાયમ માટે ડુબાવી દે એ તો કેમ ચાલે ? કોણ છે તેને પ્રેરણા આપનાર? કોણ છે તેની નાસમજને ધક્કો મારનાર ? બાળક પોતે તો આવો મરણિયો પ્રયાસ કરી ન શકે. તેની નિર્દોષ આંખોમાં આત્મહત્યાનો વિચાર ક્યા માર્ગે દાખલ થયો? આળ (ગુનો) કરનારાઓમાં કોણ કોણ આવી શકે ? એક તો માતા-પિતા કારણ કે બાળકને (વિદ્યાર્થીને) સાચવવાની મુખ્ય જવાબદારી તેના માથે છે, બીજા ક્રમે શિક્ષક જે તેની ફરજના ભાગ રૂપે કામ કરે જ છે પણ મોટી ખોડ ક્યાંક રહી જાય છે તે વિચારણીય મુદ્દો છે, ત્રીજા ક્રમે શિક્ષણ પ્રથા જે પોતાને સરકારની બેડીઓમાંથી છોડાવી નથી શકી. (પ્રાચીન શિક્ષણ વ્યવસ્થાની વિશ્વસનીય બાબત તેની સ્વાયત્તતા સાથે જોડાયેલી છે.) સૌથી મોટી જવાબદારી સમાજ પુરુષની છે જે પોતાને સૌથી મોટો શક્તિશાળી ખેરખા માને છે! વાસ્તવમાં સમજ નામની પૂંજી ધીરે-ધીરે સમાજના માનવીમાંથી અદૃશ્ય થવા લાગી છે. સમાજ પુરુષની આંખે અંધારા આવ્યા હોય તેવી દશા ઉભી થઈ હોય તેવું પણ બને!

હમણાં છેલ્લા એક મહિનાના અંતરે છએક બાળકો આત્મહત્યાના વધસ્થંભે ચડી ચૂક્યાં છે. હજી તો પરીણામોની કતલની રાત્રીઓ તો બાકી છે. એવું લાગ્યાં વિના નથી રહેતું કે બાળક હવે પોતાની જાતને પણ ચાહવાનું બંધ કર્યું છે. જેણે હજી આકાશ પણ પુરું જોયું નથી, જેની આંખો હજી ઉજાગરાંના ભારથી નમેલી છે, જેની મા હજી તેને ઘરે વહેલા આવી જવાની સૂચના આપે છે તેવા નવ ફૂટીયા બાળબુદ્ધિના માલિક બાળકો અચાનક ફેસલો કરી લે છે કે ‘આના કરતા તો મરી જવું સારું’ - આ ‘આના કરતાં’ શું છે તે આજના શિક્ષણ શાસ્ત્રીઓ માટે મોટો કોયડો છે. તમામ શિક્ષણશાસ્ત્રીઓએ સાથે મળી ‘આના કરતાં’ ની શોધ ચલાવવી જોઈએ. શું વિજ્ઞાનની કોઈ શોધ આ બાળકોની (આત્મ)હત્યાને અટકાવી ન શકે? મનોવિજ્ઞાનના મોટા થોથામાં ક્યાંય એનો ઉકેલ નથી આપ્યો ?

જે.કૃષ્ણમૂર્તિ જેવા વિચક્ષણ જ્ઞાનીપુરુષ શિક્ષણસંવાદ પુસ્તકમાં કહે છે કે ‘હું ધારું છું કે સ્પર્ધાત્મક કેળવણી અને તે પ્રક્રિયામાં વિદ્યાર્થીનો વિકાસ અત્યંત વિઘાતક છે એ સુસ્પષ્ટ છે... વ્યવસાય મેળવવા માટે તમે તેને એક કલા શીખવો છો ત્યારે તેની સાથે જ જોડાયેલા સફળતા અને વિફલતાના બોજાથી તેને લાદો છો. તે જીવનમાં વિજયી થવા માગે છે અને વળી તે શાંત માણસ થવા માગે છે. તેનું આખું જીવન પરસ્પર વિરોધી છે’.

અર્થાત્ સમજવા જેવી વાત એ છે કે રોગનું મૂળ સ્પર્ધા અને ગળાકાપ હરીફાઈ છે. છાપામાં છપાતાં પર્સેન્ટાઈલના ચિત્રો (ફોટા) (બીજી રીતે પર્સનાલીટી ખોવાની તૈયારેવાળાં બાળકો) પણ બાળકના મનમાં એક વિચિત્ર પ્રકારની અસંતુલિત સ્થિતિને નિર્માણ કરતી હશે. તેની મર્યાદાઓ હોવા છતાં તેના માતા-પિતા જો તેને એમ કહી દે કે : ‘બેટા ! બસ મારી એક જ ઈચ્છા છે. તારો ફોટો આવતા વર્ષે અહીં આવી જાય! તેના માટે તારે જી-જાનથી (જાન આપીને પણ) મહેનત કરવાની છે. (છેવટે બાળક આત્મહત્યા કરીને...) ફોટો તો તે પછી પણ આવે છે પણ જરા જુદા સંદર્ભે!

બાળક એમ પણ વિચારતું હોય કે ક્ષણે-ક્ષણે મરવું એના કરતાં એક સાથે મરવું સારું નહીં ? કોઈનો પ્રેમ તેને યાદ આવી જાય તો તે અટકી જાય, પણ પેલી માનસિક સંઘર્ષની સ્થિતિ અને પરિણામોનો બોજ તેને કશુંક કાયમી માટે સમમ્પ કરવા તરફ દોરી જતું હશે! વાસ્તવમાં બાળકોને પ્રેમની, સ્નેહની, હૂંફની અને વાત્સલ્યની એટલી ભૂખ હોય છે કે તેની આગળ તે બીજું બધું છોડવા તૈયાર થઈ જાય છે. માતા-પિતાનો પ્રેમ સમયની સાંકળોમાંથી મુક્ત થવો જોઈએ. આર્થિક ઉપાર્જન આગળ કે બાળક પ્રથમ ક્રમે આવે ? આજનો મોટો પ્રશ્ન આ જ છે. મોટું ઘર મેળવવા હપ્તા ભરવા પડે અને હપ્તા ભરવાં વધુ સમય કામ, એ હપ્તા પંદર વર્ષના હોય અને વીસ વર્ષના પણ... ત્યાં સુધી તો બાળકની લાગણીઓનો સર્વનાશ... પેટ ભરેલું પણ મનના કોરા બાળકો સમાજને સ્વીકારવા ક્યાંથી તૈયાર થાય ? આપને નવી શોધ નહી કરીએ તો ચાલે એવું છે પણ, જે છે તે બાળકોની મૂડીને સાચવીને આગળ વધવાની જરૂર નથી લાગતી ?

ફરી એકવાર કૃષ્ણમૂર્તિને આત્મસાત્ કરી લઈએ. માતા-પિતાની ભૂમિકા અંગે તેઓ કહે છે : ‘ તત્ત્વતઃ માતા-પિતા બાળકોને ચાહતાં નથી; તેમના મતે માતા-પિતા તેમજ શિક્ષકો

અનુસંધાન પાના નં. ૭ પર

# વૈશાલી વિચારતી હતી કે તેની જિંદગી પણ આ તૂટેલ તસ્વીર જેવી થઈ ગઈ છે, જેના પર હવે કયારેય કાચ લગાવી નહીં શકાય




‘બહુ કચરો થઈ જાય છે. આ બંને કંઈ સમજતી જ નથી. બસ કચરો કર્યા કરે છે.’ સાંજે ઘરમાં કચરો સાફ કરતાં વૈશાલી કકળાટ કરતી હતી. બંને મોટી થઈ ગઈ છે. હવે શું હું એમને મારું? સફાઈ કરતાં અચાનક ખૂણઆમાં રાખેલ અશ્વીનનો ફોટો નીચે પડી ગયો. તેના કાચના ટૂકડે ટૂકડા થઈ ગયા. આ જોઈ વૈશાલી સૂનમૂન થઈ ગઈ. હાથમાં રહેલું બધું કામ મુકી જલ્દીથી વિખરાયેલા કાચના ટૂકડાઓને સમેટવા લાગી. તેને એમ લાગ્યું જાણે વિતેલ દિવસોની એક એક ક્ષણ ને તે જાણે સમેટી રહી છે.

વૈશાલી ગૌરવર્ણની અત્યંત રુપાળી છોકરી હતી. ને માંડ દસમા સુધી ભણેલી પણ કોણ જાણે કેમ અશ્વિનની નજરમાં આવી ગઈ. એ દિવસ ખૂબ જ જલ્દી આવી ગયો કે અશ્વિન તેના માતાપિતાને લઈ તેનો હાથ માંગવા આવી પહોંચ્યો. દેખાવમાં સાધારણ લાગતો અશ્વિન નોકરી પણ આમ તો સાધારણ કરતો હતો. છતાં ઘરમાં કોઈ કમી નહોતી. વળી તે ઘરનો એક માત્ર વારસદાર હતો. વૈશાલીના માતાપિતાએ આ બધું જોયું અને જલ્દીથી વૈશાલીનાં લગ્ન અશ્વિન સાથે થઈ ગયા.

લગ્ન પછીનો સમય તો વૈશાલી માટે જાણે કે સુવર્ણકાળ હતો. અશ્વિન તેનો એકદમ દિવાનો બની ગયેલો. એ તેને ખુબ પ્રેમ કરતો હતો. રાતદિવસ જાણે હથેલીમાં રાખતો વૈશાલીના મોહપાશમાં બંધાતાં એ ઘણી વખત નોકરીએ પણ ન જતો. વૈશાલી ટોકે તો અશ્વિન એક જ વાત કરતો ‘વૈશુ, આ સમય ફરી નહીં આવે. નોકરીનું તો ચાલ્યા કરે’ મારી સૌથી મોટી નોકરી તો અત્યારે મારી હૃદયની રાણીની સેવા છે. આ સાંભળી વૈશાલી ન્યાલ થઈ જતી. સુધબુધ ખોઈ બેસતી. રાતદિવસ પતિનો અઢળક પ્રેમ, રોજ સાંજથી મોડી રાત સુધી હરવા ફરવાનું, મોજમજાને મસ્તીમાં વૈશાલીને ઘર તો હવે યાદ જ આવતું ન હતું. અશ્વિન તેની દરેક ઈચ્છાઓ પૂરી કરતો. ખુબ હરવા ફરવા લઈ જતો ખૂબ ખવડાવતો પીવડાવતો. આખું કુટુંબ અને તેના કરતાંય આડોશી પાડોશીઓ તેમના પ્રેમને ઈર્ષાભરી નજરે જોતા. પણ અશ્વિન અને વૈશાલીને તેની કયાં પડી હતી.

લગ્નના ત્રીજા વર્ષે વૈશાલી માં બની, તૃષાનો જન્મ થયો. પુત્રીના જન્મ પછી અશ્વિન જરા ઠરેલ બન્યો. હવે તે નોકરી પ્રત્યે પણ ગંભીર થયો. પાંચમા વર્ષે વૈશાલીએ બીજી એક દીકરીને જન્મ આપ્યો. બીજી વખત દીકરી થતાં રૂઢિવાદી વિચારનો અશ્વિન જાણે કે બિલકુલ બદલાઈ ગયો. બંને વચ્ચેનો પ્રેમનો ઊભરો તો આ પહેલાં જ ઉતરી ગયો હતો. આવેશમાં આવી રૂઢિવાદી અશ્વિન નશો કરવા લાગ્યો. વૈશાલી અને બાળકો માટે મુશ્કેલીઓનો દૌર શરુ થયો. અશ્વિન હવે અવારનવાર દારુ પીને આવતો અને વૈશાલી તેમજ તેના માતાપિતાને કોઈને કોઈ બહાને ખૂબ ગાળો બોલતો. ઘણી વખત વૈશાલી પર હાથ ઉપાડી લેતો. બંને દીકરીઓ સાથે પણ ખુબ ખરાબ વર્તન કરશો. પિતા હોય છતાં માસૂમ દીકરીઓ પિતાના પ્રેમથી વંચિત હતી. પળપળ મીઠડું સ્મિત વેરતી વૈશાલી તે જ તડકામાં જાણે ફૂલની જેમ મુરઝાઈ ગઈ હતી. રાતદિવસ આંસુ સારતી અને વિચારતી કે અશ્વિનમાં આવેલ આ પરિવર્તનનું કારણ શું છે, બે દીકરીઓનો જન્મ, દારૂનો નશો કે બીજું કંઈ?

કહેવાય છે કે જીંદગીના જખ્મોનો સૌથી મોટો અમલ સમય હોય છે. થોડાં વર્ષ પછી અશ્વિનમાં કંઈક પરિવર્તન આવ્યું. જો કે દારૂ પીવાનું છોડ્યું ન હતું. પણ તે હવે કુટુંબની જવાબદારી નિભાવવા લાગ્યો હતો. વૈશાલી તરફનું તેનું આકર્ષણ અને આશક્તિ ફરી પહેલાંની જેમ જ વધી ગઈ હતી. વૈશાલી મુંઝવણમાં હતી કે અશ્વિનનું આ સકારાત્મરરૂપ કંઈ દેખાડો તો નથી ને! ખેર, વીતી ગયેલ વાતોને ભુલી મનમાંથી અંશય કાઢી નાંખી વૈશાલી ફરી સજીધજીને રહેવા લાગી. સુંદર પ્રતિમા પરથી જાણે કે ખરાબ સમયની ધૂળ ખંખેરાઈ ગઈ હતી. અશ્વિન ભલે દારૂ પીને આવતો હોય પણ આવતાં જ વૈશાલી સાથે ચેનચાળા કરતો, તેન ખુબ પ્રેમ કરતો, એમ લાગતું જાણે વીતેલ દિવસોની ઘટનાઓ માટે જાણે કે પ્રસ્તાવો કરતો હોય. વૈશાલી કાં તો એ ખરાબ સમયનો બદલો લેવા કે પછી પોતાનું મહત્ત્વ બતાવવા હવે અશ્વિનથી વારંવાર રીંસાવા લાગી હતી. અશ્વિન તેને કલાકો સુધી મનાવતો. તેની વૈશાલીને મજા આવતી.

એક બે વાર વૈશાલી રીંસાઈને પિયર જતી રહી તો અશ્વિન તરત તેની પાછળ પાછલ પહોંચી ગયો અને તેને મનાવી ને લઈ આવ્યો. આ બધું થતાં વૈશાલીના વિચારોમાં બદલાવ આવી ગયો. હવે તે અશ્વિનને પોતાનો પતિ નહીં પણ ગુલામ સમજવા લાગી.

બંને દીકરીઓ મોટી થઈ રહી હતી. ઘરનું ખર્ચ પણ વધી રહ્યું હતું. તેમાં અશ્વિનની દારૂની આદત, પણ વૈશાલી તો જાણે આ બધી બાબતોથી બેદરકાર હતી. એક દિવસ અચાનક તેણે અશ્વિનને કહ્યું, ‘સોમવાર સુધીમાં મારે સોનાની ચાર બંગડીઓ જોઈએ.’ અશ્વિને ઠંડે કલેજે હા પાડી. તો વૈશાલી ચીડાઈ ને બોલી. ‘મેં પાડોશણો ને કહી દીધું છે. આ વાત જો ખોટી પડી તો તેમને શું મોઢું બતાવીશ?’ અશ્વિને વાયદો તો કર્યો પણ ટૂંકો પગાર અને વધતા ખર્ચામાં એ કંઈ કરી ન શક્યો. બસ પછી તો શું. મંગળવારે અશ્વિન ઓફીસે જતાં વૈશાલી સાસુ-સસરાની પરવા કર્યા વગર બંને દીકરીઓને લઈ પિયર જઈ બેઠી.

સાંજે અશ્વિનને ખબર પડી તો તેના પર જાણે કે આભ તૂટી પડ્યું. તે ભાગતો વૈશાલીને ત્યાં આવ્યો. અને ઘેર પાછા આવવા ખૂબ વિનવણી કરવા લાગ્યો. પણ વૈશાલી એકને બે ન થઈ. વૈશાલીના માતાપિતા પણ તેની વાતે તટસ્થ બની રહ્યો. હારી થાકીને અશ્વિન પાછો જતો રહ્યો અને વૈશાલી પિયરમાં જ રહી ગઈ.

બે ત્રણ દિવસ સુધી અશ્વિન ન આવ્યો. તેનો કોઈ ફોન પણ ન આવ્યો. એટલે વૈશાલીને ચિંતા થઈ. તેના પિતાએ અશ્વિનને ફોન કર્યો પણ દર વખતે તેને ફોન કાપી નાંખ્યા.

દસ દિવસ પછી વૈશાલીને સ્તબ્ધ કરી દે તેવા સમાચાર મળ્યા. અશ્વિને તેમના ઘરે કામ કરવા આવતી શારદાને રખાત તરીકે રાખી લીધી હતી. અને તે ખુબ જ દારુ પીવા લાગ્યો હતો. નસીબના આ અણધાર્યા ઘા થી હાંફળા ફાંફળા બનેલ વૈશાલી અને તેના પિતા અશ્વિનને ઘરે આવ્યો ત્યારે નશામાં ધૂત અશ્વિન ફક્ત તેમની ઉપેક્ષા કરી એટલું જ નહીં પણ ધમાકવીને કાઢી મુકવાની કોશિષ પણ કરી. વૈશાલીના પિતાની કોર્ટમાં કોસ કરવાની ધમકી પણ કંઈ કામ ન લાગી. તે પછીના થોડા દિવસો દુઃખના વમળોમાં એ ઘેરાયેલાં રહ્યાં. વૈશાલીના પિતા અશ્વિન પર કાર્યવાહી કરવાનું વિચારતા હતા. તેવામાં સમાચાર મળ્યા કે વધુ પડતો દારૂ પીવાના કારણે અશ્વિનનું મોત થઈ ગયું છે.

‘અરે! બેટા’ માંનો અવાજ સાંભળી વૈશાલીની તંદ્રા તૂટી. ‘કયાં સુધી આ ટૂકડા સમેટતી રહીશ. બીજા કામ બાકી પડ્યાં છે.’

‘આવું છું બા’ ચહેરા પરના આંસુ લૂંછતાં વૈશાલી બોલી. તેની નાનકડી ભૂલે તેનું આખું જીવન બદબાદ કરી દીધું હતું. સંસાર સાચવવામાં તે અપરિપક્વ સાબિત થઈ હતી. જો તે વાત વાતમાં અશ્વિન સાથે રિંસાઈ ન હોત અને પોતાના રૂપનો ગર્વ કર્યો ન હોત તો સારું હતું પણ હવે પસ્તાવાથી શું થાય. અશ્વિનના કસમય મોત માટે તે હવે પોતાને જવાબદાર સમજવા લાગી. યુવાન થતી દીકરીઓ અને પોતાની ઢળતી ઉંમર તેમાં ફરી લગ્ન કરવાનું તો એ વિચારી જ નહોતી શકતી. તૂટેલા ફોટાને ઉપાડતી વૈશાલી વિચારતી હતી કે તેની જિંદગી પણ આ તૂટેલ તસ્વીર જેવી થઈ ગઈ છે. જેના પર હવે કયારેય કાચ લગાવી નહીં શકાય.

# જેએનયુનું જંતર-મંતર...!! તુજકો મીર્ચી લગી તો મૈં ક્યા કરું...!!




જવાહરલાલ નહેરુ યુનિ. એટલે કે જેએનયુ... નવી દિલ્હીમાં આવેલી એક મહત્ત્વની વિદ્યાપીઠ, એના ત્રણ અક્ષરનાં ટૂંકા નામમાં અનેક ઓળખાણ સમાયેલી છે... વ્યક્તિ સ્વાતંત્ર્ય, અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય, ડાબેરી, પુરોગામી, ઉદારમતવાદી એવા બધાં દિલ્હીનાં જંતરમંતર જેવા બધાં બખડજંતર વિચારો ઓકનારી આ વિદ્યાપીઠ.. એમાં પ્રવેશ મેળવવો અને ભણવું (?) એવાં ભારતભરનાં અનેક વિદ્યાર્થીઓનું સ્વપ્ન પણ ખરું!

આ જેએનયુ કેમ્પસમાં આંદોલનો કંઈ નવા નથી, મોર્ચા કાઢવા, બબાલો કરવી એ આ કૉલેજના બ્લડમાં છે. સત્તામાં કોઈ પણ પક્ષની સરકાર હોય એના વિરુદ્ધ પોતાના વિચારો મુકવાની આ લોકોની ફૅશન પણ ખરી... સત્તાધારી પક્ષના વિરુદ્ધ લડાઈ માંડીને પછાત, શોષિત, દલિત સમાજ માટે લડવાની, અવાજ ઉઠાવવાનો શ્રેય પાછો આ કૉલેજને જાય છે!

આજે આ કૉલેજ ટૉક ઑફ ધ નેશન છે, વાદ-વિવાદની હોળી પ્રગટી છે જે ટાળી પડવાનું નામ જ લેતી નથી... અફઝલ ગુરુ અને મકબુલ બટ જેવા આતંકવાદીઓને સમર્થન પત્રીકા કૉલેજમાં લાગી, સભાઓ થઈ, ઘોષણા કરવામાં આવી કે ‘ભારત કી બરબાદી તક, કાશ્મીર કી આઝાદી તક, જંગ કરેંગે, જંગ કરેંગે.’ પછી ભડકો થયો, કેમ્પસની વાતો દેશના નકશામાં એની જવાળાઓ ફેલાવવા લાગી. યુનિયનના અધ્યક્ષ ૨૮ વર્ષીય કનૈયા (બોલો ૨૮ વર્ષ સુધી સ્ટુડન્ટ?) ની ધરપકડ થઈ અને દેશદ્રોહનો ગુનો દાખલ થયો!

પ્રશાસન, ન્યાયપાલિકા અને માધ્યમ આ ત્રણ આપણા દેશના મજબૂત પાયા, અને એને ટેકો કરવા આપણે બનવું પડે એક સારા નાગરીક... કૉલેજને બાનમાં લઈને એમણે જે લોકો માટે લડાઈ આદરી છે ને એમનાં માટે જરા ભણીને કૉલેજમાંથી પાસ થઈને બહાર તો આવો બિરાદરો... કલાસની બહાર મોર્ચો-મોર્ચો રમીને, કેમ્પસની ચૂંટણીમાં સમયની બર્બાદી કરીને, ન્યાયપાલિકાને દોષી કહીને, તમારી જન્મભૂમિને નાલાયક કહીને, પાંચ વર્ષનો અભ્યાસક્રમ દસ વર્ષ સુધી લંબાવીને કોઈ સિસ્ટમ બદલી શકાતી નથી, આવું આમને કયારે ખબર પડશે?

ચાલો ક્રાંતિ કરીએ. (આ કર્યા બાદ ક્રાંતિ કયાં આવે છે? આ પાછો

> થાઉં હું માઈક ને તું મંચ થા, ખાઉં હું ડિનર તે તું લંચ થા.
> ચાલ આ દેશનું કરી નાંખીએ, થાઉં હું પ્રમુખ ને તું મંત્રી થા!

કાશ્મીર જેવો જ પ્રશ્ન) આજુબાજુ જે દેખાય છે એને ‘વ્યવસ્થા’ એવું નામ અપાય છે. આ ‘વ્યવસ્થા’ એટલી સડેલી લાગે છે કે ગુસ્સાને ખાતર પાણી મળી રહે છે અને બધાં જ શોષિત-કચડાયેલા હોવાનો સાક્ષાત્કાર થા છે. શોષિતોના ગુસ્સામાંથી વ્યવસ્થા કેવી રીતે બદલી શકાય? એનું સ્વપ્નરંજન થાય છે, અને સિસ્ટમમાં રહેલા શત્રુઓની યાદી તૈયાર થાય છે...

ચાલો, માની પણ લઈએ કે સિસ્ટમની કે વ્યવસ્થાની ભૂલ હશે. વિશ્વના દરેક દેશોમાં કોઈને કોઈ વ્યવસ્થા તો ચાલે જ છે ને? અમેરિકાથી લઈ જાપાન, બ્રુનેઈના રાજાથી લઈ સોમાલિયાની અરાજકતા સુધી દરેક રાષ્ટ્રના નકશાની લાઈન વચ્ચે એ દરેકની પોતાની એક વ્યવસ્થા છે. તો પછી આ બધાં અકળાયેલાં - અસંતૃપ્તોને જોઈતું વૃંદાવન કયાં મળશે? ચીન-કબુબા-રશિયા? અફઘાનિસ્તાન, તાન્ઝાનિયા કે મેક્સિકો? કે પછી હાથ-પગ કાપી લેતા કાયદા ધરાવતાં અરેબિયન કંટ્રી? તમારા પ્રદેશના ભારતમાંથી ભાગલાં કરીને કંઈ પેટર્ન લાવશો?

‘ભારત કી બર્બાદી તક જંગ’ લડ્યા બાદ કયા દેશની સુખની વ્યવસ્થામાં જીવવાનાં છો, એ તો કહો યાર? ભારતની જે વ્યવસ્થાને દુરુપયોગ કરીને તમે દેશનાં વિધ્વંસની શપત લો છો ને લડવાની ઘોષણા કરો છો, એ વ્યવસ્થાને લોકશાહી કહે છે. આટલું સ્વાતંત્ર્ય તમને બીજી કઈ સિસ્ટમ આપે છે? જરા ચેક તો કરો. પછી ગુસ્સો લોકશાહી પર શા માટે? ગુસ્સો લોકનિયુક્ત પ્રતિનિધિ પર પણ શા માટે? જરા એટલું તો સમજો આ એ જ લોકશાહી છે જે નેતાઓના વિધ્વંસની પ્રાર્થના કરવાનો અધિકાર આપે છે, મતદાન મારફતે!!



બૉસ, તમે એક તો પૂર્ણ શક્તિથી મતદાન નથી કર્યુ, અથવા લોકોએ જે શક્તિમાં સમર્થન કર્યુંછે એને સ્વીકારવાની તમારામાં સ્પોર્ટ્સમેન સ્પિરિટ નથી. વ્યવસ્થા બદલવી જ છે? લોકશાહીમાં ખદબદતા ભ્રષ્ટાચારી કીડાને દવા પિવડાવવી છે? તો પ્રશાસન, ન્યાયપાલિકા અને માધ્યમ, તમારા હાથમાં તો છે. કયાં કોઈ બંધન છે? પણ પહેલાં કૉલેજ પૂર્ણ તો કરો. એ વિદ્યાનું મંદિર છે કોઈ કુસ્તીનો અખાડો નથી!

તમે ઉઠાવેલા અવાજનો દેશને ફાયદો થશે? તમે કૉલેજમાં ભણવા જાવ છો કે નારાબાજી કરવા? વિવિધ પક્ષો એમનો રોટલો શેકવા તેમનો ઉપયોગ કરે છે, એટલુંય આટલી મોટી કૉલેજમાંથી સમજી નથી શક્યા? તમારો ગુસ્સો સિસ્ટમ પર છે કે દેશ પર? એટલું તમે જ સમજી શક્યા હોય તો પછી વિરોધનો શો અર્થ? તમારામાંથી જેને ખરેખર જ ભારત પર ગુસ્સો આવતો હોય એમને એમના મનગમતા દેશમાં પહેલી ફલાઈટ પકડી નીકળી જવું જોઈએ. ભારતે તમને આટલા પાળીપોશીને પાસપોર્ટ આપ્યો જ છે, એ પણ નવા દેશમાં ઘુસ્યા બાદ સળગાવી દેજો, પાછા આવવાની પણ તસ્દી ના લેતા!!

ગયાં વર્ષે એક ફોર્વર્ડેડ મેસેજ આવ્યો હતો, એમાં વિવેક નામનો ૧૯ વર્ષનો છોકરો, એના બે ફોટા મુકેલા હતા. એકમાં ખભા પર બેગ, લબરમુછીયો, ચશ્મા ચઢાવેલા અને હાથમાં કાયદાની ડિગ્રી, બીજા ફોટામાં લોહીલુહાણ મૃતદેહ, આંખો બહાર આવી ગયેલી, અને નકસલવાદીનો ડ્રેસ ચઢાવેલો... બાજુમાં પડી હતી રાઈફલ!

કાયદાનો વિદ્યાર્થી નકસલવાદી? એવો તો કયો ગુસ્સો મગજમાં શિક્ષણની જગ્યાએ સીસુ રેડ્યા જેવો હતો? દેશ માટે મરવાની જગ્યાએ દેશની સામે પડીને મર્યો? વ્યવસ્થા બદલવા મરણીયો બનેલો વિવેક, ગોળીબાર કરવાં ગયો અને પતી ગયો, એના નિશાના પર રહેલો ભારત દેશ અડિખમ છે, બર્બાદ માત્ર વિવેક હતો.

જેએનયુનો ગુસ્સો પણ વિવેક જેવો જ છે, જે એમને વિવેકહીન બનાવી રહ્યો છે. કૉલેજ કેમ્પસને અભડાવતાં આવા વિદ્યાર્થીઓ કયારેક હીરો બની ના શકે... ઉદારવાદી રહેલો ભારત દેશ બધું સહન કરી શકે, પણ ભારતના નાગરિકો એના દેશનું અપમાન કરતાં, દેશમાં રહીને દેશનું ખોદતાં અમીચંદોને કયારેય નહીં બક્ષે, પછી એ કોઈ પણ પક્ષનો હોય કે નાત-જાતનો!!

ચૂંટલો : ભારત દેશમાં આટલી અરાજકતા, અસહિષ્ણુતા, ભયનું વાતાવરણ જોઈ રહેલા બિરાદરોને કોણે રોકી રાખ્યાં છે? સરકારી ખર્ચે એટલે કે આપણાં ટેક્સના પૈસે તાગડધીન્ના કરી, આપણી સામે આંખ કાઢતાં આ તત્ત્વોને શરમ જેવું હોય તો તાત્કાલિક અહીંથી ચાલતી જ પકડવી જોઈએ.